વરસાદ અટકતાં સુરતના લિંબાયતમાં સફાઇ શરૂ

■ પાંચ પાંચ દિવસ ખાડીના પાણીમાં વિતાવ્યા બાદ સુરતના લિંબાયત વિસ્તારમાં આજે સાફસફાઇ શરુ કરવામાં આવી હતી. **(તસવીર : સતીષ જાદવ)**

બાકીનાં મકાનોના ખોટી રીતે ડિમોલિશનની ભીતિની રિટમાં હાઈકોર્ટનો આદેશ

નાસીરનગરવિવાદ:હવેપ્રોસિજર વિના બીજાં મકાનો નહીં તોડતાં

હાઈકોર્ટ દ્વારા પ્રોસિજર ફોલો કરવાનો આદેશ આપવાની સાથે રિટ કાઢી નાંખવામાં આવી

સુરત મનપા તરફથી બાકીનાં મકાનો સીધા તોડવાનો ઈરાદો ન હોવાની રજૂઆત કરાઈ

સુરત, ગાંધીનગર : સુરતનાં નાસીરનગરના ગેરકાયદે ડિમોલિશનને પગલે બાકીના મકાનોનું ડિમોલીશન નહીં કરવાની દાદ માંગતી પિટિશન સંદર્ભે બાકી મકાનોનું ડિમોલિશન કરવું હોય તો કાયદા અનુસાર કરવાના નિર્દેશ સાથે હાઈકોર્ટે આ પિટિશનનો નિકાલ કર્યો હતો. આ પિટિશનની સુનાવણી દરમિયાન સુરત મહાનગરપાલિકા તરફથી હાલ બાકીના મકાનો તોડવાનો ઈરાદો ન હોવાની રજૂઆત કરી હતી.

સુરતનાં નાસીરનગરમા થયેલા ગેરકાયદે ડિમોલિશનથી ફફડી ઊઠેલા અન્ય મકાનદારો વતી બાકીના મકાનોનું ડિમોલિશન ન થાય એ માટે એડવોકેટ ઝમીર શેખ મારફતે શેખ હુસેન અઝીઝ એ હાઇકોર્ટમાં રિટ પિટિશન કરી હતી. જેમાં દાદ મંગાઈ હતી કે સુરત મહાનગરપાલિકા દ્વારા આસપાસના મકાનો તોડી પાડવામાં આવ્યા હોય અરજદારના રહેણાંક મકાનને પણ તોડી પાડવામાં આવશે તેવી ગંભીર આશંકા છે. જેથી મિલકતનું રક્ષણ કરવા કોર્ટ પાસે દાદ માગવામાં આવી હતી. આ કેસની સુનાવણી દરમિયાન કોર્પોરેશન તરફથી હાજર એડવોકેટ અનુજ કે. ત્રિવેદીએ સ્પષ્ટતા કરી હતી કે, ડિમોલિશન સંબંધી મુદ્દે અન્ય કેસ હાઈકોર્ટ સમક્ષ વિચારણા હેઠળ છે. કોર્પોરેશન હાલ પૂરતું આ ચોક્કસ મિલકતને તોડી પાડવાનો કોઈ ઈરાદો ધરાવતું નથી.

જો ભવિષ્યમાં કોર્પોરેશન દ્વારા કોઈ કાનૂની પગલાં લેવાના થશે, તો તે કાયદા મુજબ જ લેવામાં આવશે, એટલે કે અરજદારને યોગ્ય નોટિસ આપવામાં આવશે અને કાનૂની પ્રક્રિયાનું સંપૂર્ણ પાલન કરવામાં આવશે. કોર્પોરેશનના વકીલ દ્વારા આપવામાં આવેલા નિવેદનને ધ્યાને રાખીને હાઈકોર્ટનાં જસ્ટિસ નિખિલ એસ. કારીયેલે નોંધ્યું હતું કે હવે આ અરજીમાં વધુ કોઈ કાર્યવાહી કરવાની જરૂર રહેતી નથી તેમજ હાઈકોર્ટે મહાનગરપાલિકાને આદેશ આપ્યો છે કે જો પ્રશ્નાસ્પદ મિલકત સામે કોઈ દબાણાત્મક કાનૂની પગલાં લેવાનો ઈરાદો હોય, તો કાયદા અનુસાર જ યોગ્ય કાર્યવાહી કરવી પડશે. આ અવલોકન અને નિર્દેશ સાથે હાઈકોર્ટે પિટિશનનો નિકાલ કર્યો છે.

ગોપીપુરામાં ૨૨.૯૫ લાખની ચોરીના આરોપીને માલેગાંવથી ઝડપી લેવાયો

ગાંધી બાગ પાસે ઝાડીઓમાં સંતાડેલો રૂપિયા ૩૦.૫૮ લાખનો મુદ્દામાલ જપ્ત

સુરત : ગોપીપુરામાંથી કુલ રૂપિયા ૨૨.૯૫ લાખની મત્તા ચોરી ભાગી છૂટેલા કુખ્યાત ઘરફોડ ચોરને અઠવાલાઈન્સ પોલીસે માલેગાંવથી ઝડપી પાડ્યો છે.

અઠવાલાઈન્સ પોલીસ મથકમાં ઘરફોડ ચોરીનો ગુનો નોંધાતા પોલીસ ઈન્સ્પેક્ટર પી. એચ. ભાટી અને ટી. એ. ગઢવીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પીએસઆઈ એ. આર. મહિડા તથા ગોપીપુરા ચોકીના પીએસઆઈ બી. કે. માળી સહિતની ટીમે અપ્પ૫ ૨૫૦થી વધુ સીસીટીવી કેમેરા ફંફોસી નાખ્યા હતા. જેમાં વહેલી સવારે ૪ વાગ્યાના અરસામાં એક શંકાસ્પદ ઈસમ ભેસ્તાન આવાસ તરફ રીક્ષામાં જતો નજરે પડ્યો હતો.

ટેક્નિકલ એનાલિસિસ અને બાતમીદારો સક્રિય કરતા સામે આવ્યું કે ભેસ્તાન આવાસ (એ-૧૯, મકાન નં. ૧) ખાતે રહેતો અબ્દુલ રહેમાન કરીમ સુલેમાન શેખ (ઉં.વ. ૨૪) ગાયબ છે. આ ઈસમ ચોરીનો માલ તાત્કાલિક વેચવાની આદતવાળો છે અને તે મહારાષ્ટ્રના માલેગાંવ ખાતે દાગીના વેચવા ગયો હોવાની સચોટ બાતમી મળતા જ અઠવાલાઈન્સ પોલીસની ટીમ માલેગાંવ પહોંચી જઈ બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન, બજારો, ધર્મશાળાઓ અને રેનબસેરા ચેક કરવાનું ચાલુ રાખ્યું હતું. આખરે ગુલસના બાદ વિસ્તારના જાહેર શૌચાલય પાસેથી અબ્દુલ રહમાન પોલીસના હાથ ઝડપાઈ ગયો હતો. આરોપીની પૂછપરછ કરતા તેણે ચોરી કર્યા બાદ દાગીના તાપી નદીના વિસ્તારમાં છુપાવી દીધા હોવાનું અને રોકડા રૂપિયા લઈ વેપારી શોધવા મહારાષ્ટ્ર ગયો હોવાનું કબૂલ્યું હતું. પોલીસે મુદ્દામાલ કબજે કર્યો હતો.

નકલી આંગડિયા પેઢી બનાવી કરોડોની ઠગાઈમાં આરોપીના જામીન નામંજૂર

સુરતઃ નકલી આંગડિયા પેઢી બનાવી ઠગાઈ કરનાર જયસુખભાઈ ઉર્ફે જયેશ કનુભાઈ ચાવડાની જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. સેશન્સ કોર્ટમાં થયેલી અરજીમાં બચાવ પક્ષે આરોપીને ખોટી રીતે ફસાવવામાં આવ્યો હોવાની દલીલ કરી હતી. જ્યારે ફરિયાદ પક્ષે સરકારી વકીલ અરવિંદ વસોયાએ જામીન અરજીનો વિરોધ કરી રજૂઆત કરી હતી કે લોકોને છેતરવાના ઈરાદા સાથે આરોપીઓએ નકલી આંગડિયા પેઢી ઊભી કરી નાણાં પડાવવાનો કાવતરું રચ્યું હતું. અરજદાર આરોપી પાસેથી 25 લાખ રિકવર કરવામાં આવ્યાં છે. જામીન અરજી મંજૂર થાય તો આરોપી ભાગી જવાની શક્યતા છે. બંને પક્ષની રજૂઆત બાદ સેશન્સ કોર્ટે આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.

સિવિલને રાષ્ટ્રીય એવોર્ડથી 'સન્માનિત કરવામાં આવી

નવી દિલ્હીમાં 16મા રાષ્ટ્રીય અંગદાન દિવસની ઉજવણીમાં મળ્યું ગૌરવ

સુરતઃ કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય હેઠળની નેશનલ ઓર્ગન એન્ડ ટિશ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઇઝેશન (NOTTO) દ્વારા નવી દિલ્હીમાં 16મા રાષ્ટ્રીય અંગદાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કેન્દ્રીય આરોગ્ય રાજ્યમંત્રી અનુપ્રિયા પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં દેશભરમાં અંગદાન ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર રાજ્યો અને સંસ્થાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સુરતની નવી સિવિલ હોસ્પિટલને 'બેસ્ટ બ્રેઈન સ્ટેમ ડેથ સર્ટિફાયિંગ એવોર્ડ' એનાયત થતા સમગ્ર દક્ષિણ ગુજરાત માટે ગૌરવની ક્ષણ સર્જાઈ હતી. કેન્દ્રીય રાજ્યમંત્રીના હસ્તે આપવામાં આવેલા આ એવોર્ડને નવી સિવિલ હોસ્પિટલના આર.એમ.ઓ. ડો. કેતન નાયક, નર્સિંગ સુપ્રિન્ટેન્ડન્ટ નિરજા પટેલ સહિતની ટીમે સ્વીકાર્યો હતો.

નવી સિવિલ હોસ્પિટલમાં અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના ચેરમેન દિલીપદાદા દેશમુખના માર્ગદર્શન હેઠળ છેલ્લાં કેટલાંક વર્ષોમાં 96 સફળ અંગદાન થયાં છે. આ દાન દ્વારા 34 આંખો, 75 લીવર, 166 કીડની, 9 હાથ, 2 પેન્ક્રિયાસ, 6 નાનાં આંતરડાં, 11 હૃદય અને 12 ફેફસાં સહિત કુલ 316 અંગોનું પ્રત્યારોપણ શક્ય બન્યું છે, જેના કારણે અનેક દર્દીઓને નવજીવન મળ્યું છે.

ચેક રિટર્ન કેસમાં વેપારીને 18 મહિનાની સજા

સુરતઃ ચેક રિટર્ન કેસમાં મહાવીર ટ્રેડિંગ કંપનીના પ્રોપરાઈટરને 18 મહિનાની સજા કોર્ટે ફટકારી હતી. ફરિયાદી નારાયણ કોર્પોરેશનનાં ભીખુભાઈ મનજીભાઈ પીપળિયા પાસેથી ઉધનાના મહાવીર ટ્રેડિંગ કંપનીના પ્રોપરાઈટર આકાશ દેવીલાલ જૈને બાંધકામ મટીરિયલ્સનો માલ ખરીદ્યો હતો. જે પેટે રૂ.3,50,000ના ચેકો આપ્યાં હતાં. જે ચેકો રિટર્ન થતાં ફરિયાદીએ એડવોકેટ ભાવેશ કુલકર્ણી મારફતે કોર્ટમાં ફરિયાદ કરી હતી. આ કેસની સુનાવણી બાદ કોર્ટે ફરિયાદ પક્ષની રજૂઆત-પુરાવા ગ્રાહ્ય રાખી આરોપી આકાશ જૈનને 18 મહિનાની સાદી કેદની સજા અને ચેકની રકમ વ્યાજ સાથે ચૂકવવા હુકમ કર્યો હતો તેમજ આરોપી હાજર નહીં રહેતા સજા વોરંટ ઈસ્યુ કરવા હુકમ કર્યો હતો.

GETCO દક્ષિણનું મથક સુરતમાં ખસેડો, મોટાં વિમાન શરૂ કરો

ચેમ્બરે મુખ્યમંત્રીને 17 મુદ્દે રજૂઆત કરી

સુરતઃ સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના વાઇસ પ્રેસિડેન્ટ રવિ રાજ દેસાઈ અને સેક્રેટરી પરેશ લાઠિયાએ ગાંધીનગરમાં મુખ્યમંત્રીને રાજ્યસ્તરીય બેઠકમાં હવાઈ સેવા, ઊર્જા, ટેક્સટાઇલ, કરવેરા, પૂર રાહત, GIDC સહિતના પ્રશ્નો અને સૂચનોની રજૂઆત કરી હતી.

ચેમ્બરે મુખ્યમંત્રી સમક્ષ સુરત સહિત દક્ષિણ ગુજરાતના આ પ્રશ્નો રજૂ કર્યા

» UDAN/VGF યોજના હેઠળ સુરત-અમદાવાદ, સુરત-રાજકોટ અને સુરત-ભાવનગર રૂટ પર 50થી 70 બેઠકો ધરાવતા વિમાનો શરૂ કરો » વીજળી ટ્રાન્સફર, Wheeling, Group Captive અને BESS માટેની મંજૂરી ઝડપથી આપો » GETCOનું દક્ષિણ ઝોન મુખ્ય મથક પણ સુરતમાં લાવવામાં આવે તો તેવી રજૂઆત કરવામાં આવી. » લિફ્ટ અને એસ્કેલેટર સંબંધિત સેવાઓ માટે વડોદરાના બદલે સુરતમાં ઝોનલ કચેરી સ્થાપવાની માંગ કરવામાં આવી. » GST અમલ પછી પણ જૂના VAT, CST અને Entry Taxના વિવાદો વેપારીઓને પરેશાન કરી રહ્યા છે. મહારાષ્ટ્ર અને કેન્દ્ર સરકારની Sabka Vishwas Scheme જેવી વ્યાપક એમ્નેસ્ટી યોજના જાહેર કરવાની માંગ કરવામાં આવી. » SEBI દ્વારા માન્ય DDPI માત્ર ટ્રેડ સેટલમેન્ટ માટેની સૂચના હોવાથી તેના પર સ્ટેમ્પ ડ્યૂટી લાગુ પડતી નથી તે અંગે ગુજરાત સરકાર સ્પષ્ટ માર્ગદર્શન જાહેર કરે તેવી માંગ કરવામાં આવી. » GST હેઠળના આદેશો માત્ર પ્રાદેશિક ભાષામાં હોવાથી અપીલ દરમિયાન સમય અને ખર્ચ વધે છે. તેથી અંગ્રેજી અથવા દ્વિભાષી ઓર્ડર ફરજિયાત કરવા રજૂઆત કરવામાં આવી. » હાલ ફેબ્રિકના નમૂનાઓ વડોદરા મોકલવાના કારણે નિકાસમાં વિલંબ થાય છે. સુરતની MANTRA લેબોરેટરીને કસ્ટમ્સ માન્યતા આપી નિકાસ પ્રક્રિયા ઝડપી બનાવવા રજૂઆત કરવામાં આવી. » GIDC વિસ્તારમાં કાર્યરત ઓટોમોબાઇલ યુનિટોને કોમર્શિયલ તરીકે ગણાવી કાર્યવાહી થતી હોવાથી નીતિમાં સુધારો કરી તેમને ઔદ્યોગિક એકમ તરીકે માન્યતા આપવાની રજૂઆત કરવામાં આવી. » તાપી જિલ્લાના વ્યારા અને વાલોડ ઔદ્યોગિક રીતે પછાત હોવાથી નવી ઉદ્યોગ નીતિ-2026 હેઠળ કેટેગરી-Aમાં સમાવેશ કરી રોકાણ અને રોજગારીને પ્રોત્સાહન આપવાની રજૂઆત કરવામાં આવી. » સુરતના પૂરગ્રસ્ત MSME માટે જાહેર થયેલા પેકેજમાં ઉત્પાદન એકમોને સ્પષ્ટ લાભાર્થી તરીકે સામેલ કરવા સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી. » તાજેતરના પૂરના કારણે નુકસાન પામેલા સુરત મહાનગરપાલિકા વિસ્તારના ઉત્પાદન એકમોને મિલકત કરમાં રાહત આપવાની રજૂઆત કરવામાં આવી હતી. » મહારાષ્ટ્રની જેમ જાહેર ટ્રસ્ટોને પૂર્વ મંજૂરી વિના નિર્ધારિત મર્યાદા સુધી રોકાણ કરવાની છૂટ ગુજરાતમાં પણ આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી. » RTO દ્વારા રોડ ટેક્સ વસૂલ્યા બાદ પણ નગરપાલિકાઓ દ્વારા અલગથી વસૂલાત થતી હોવાથી ગુજરાત મ્યુનિસિપાલિટીઝ એક્ટની કલમ 99(II)માં સુધારો કરવાની રજૂઆત કરવામાં આવી. » સુરત જિલ્લામાં છેલ્લા બે દાયકાથી અટવાયેલી ડ્રાફ્ટ અને પ્રિલિમિનરી ટાઉન પ્લાનિંગ સ્કીમોને ઝડપથી અંતિમ મંજૂરી આપી વિકાસ કાર્યોને ગતિ આપવા માંગ કરવામાં આવી. » ગુજરાત ટેક્સટાઇલ પોલિસી-2024 હેઠળ જિલ્લા સ્તરની સમિતિમાં પ્રાદેશિક ચેમ્બરનો સમાવેશ ન હોવાથી તેમાં સુધારો કરવાની માંગ કરવામાં આવી. » ક્રૂડ ઓઇલના ભાવ વધવાથી પરિવહન ખર્ચ વધી રહ્યો છે. ઉદ્યોગો, વેપારીઓ, ખેડૂતો અને સામાન્ય નાગરિકોને રાહત આપવા પેટ્રોલ અને ડીઝલ પરના VAT તથા સેસમાં પ્રથમ તબક્કે 1થી 2 ટકાનો ઘટાડો કરો.

રાંદેરમાં જૂની અદાવતમાં મહિલા પર પાઇપ-લાકડી વડે જીવલેણ હુમલો

પત્નીને માર મારી પતિને ફોન કરી બોલાવ્યો, ચાર શખ્સે ઢોરમાર મારી ડાબા હાથે ફ્રેક્ચર કરી દીધું

સુરતઃ રાંદેર વિસ્તારમાં અગાઉ થયેલા કોર્ટ કેસની અદાવત રાખી એક ગૃહિણી પર ચાર શખ્સોએ ભેગા મળી જાહેર રોડ પર હુમલો કર્યો હતો.

સગરામપુરા વિસ્તારના લક્ષ્મી એપાર્ટમેન્ટમાં રહેતા અને પાંડેસરા ખાતે મોબાઈલ રિપેરિંગની દુકાન ચલાવતા શીરીષભાઈ કંચનભાઈ મિસ્ત્રીનાં પત્ની ભદ્રીશાબેન (ઉં.વ.૪૦) ગત તા.૨/૮/૨૦૨૬ના રોજ બજારમાં નીકળ્યાં હતાં. દરમિયાન અગાઉ થયેલા કેસ બાબતે વાતચીત કરવી છે તેમ કહી હિતેશે તેમને પોતાની મોપેડ પર બેસાડી અગિયાર વાગ્યાના સુમારે રાંદેર સ્થિત રાધાનગર સોસાયટી ખાતે લઈ ગયો હતો. જ્યાં રાજેશ ગુણવંતભાઈ મિસ્ત્રી, સ્મીત હિતેશભાઈ અલકરી, સંગીતા (હિતેશ અલકરીની પત્ની) અને રેણુકાબેન ગુણવંતભાઈ મિસ્ત્રીએ ભદ્રીશાબેનને સોસાયટીના ગેટ બહાર જાહેર રોડ પર ઘેરી લઈ ગડદાપાટુનો માર માર્યો હતો અને બોથડ પદાર્થ વડે માથામાં તેમજ શરીરે આડેધડ ઘા ઝીંક્યા હતા. હુમલાખોર રાજેશે વેપારી શીરીષભાઈને ફોન કરીને જણાવ્યું હતું કે, તારી પત્ની અમારા બનેવી સાથે પકડાયેલી છે, અમે તેને મારીએ છીએ. જેથી તું રાધાનગર સોસાયટી ખાતે આવી જા. ઘટનાની જાણ થતાં જ પરિવારજનો સ્થળ પર પહોંચ્યા હતા અને ઈજાગ્રસ્ત ભદ્રીશાબેનને ઘરે લાવ્યાં હતાં. ભાનમાં આવ્યા બાદ ભદ્રીશાબેને આપવીતી જણાવતાં પતિ શીરીષભાઈએ રાંદેર પોલીસ મથકે ચારેય આરોપીઓ સામે કાયદેસરની ફરિયાદ નોંધાવી છે.

બારની ડિરેક્ટરી મુદ્દે એડ્વોકેટ દિલીપ રાઠોડનાં પ્રતીક ધરણા

ડિરેક્ટરી છાપકામનો ખર્ચ લાખોમાં હોવાથી ૧૦ વર્ષથી ડિરેક્ટરી છપાવવામાં આવી નથી

બારના ડિજિટલ પ્લેટફોર્મ પર વકીલોની તમામ વિગતો અપલોડ કરાઈ છે: સેક્રેટરી

સુરતઃ સુરત જિલ્લા વકીલ મંડળ દ્વારા નામ-સરનામા સહિતની વકીલ ડિરેક્ટરી પ્રકાશિત કરવા અંગે કોઈ સ્પષ્ટ નિર્ણય લેવામાં ન આવતા એડવોકેટ દિલીપ નગીનદાસ રાઠોડે લેખિત બાંહેધરીની માંગ સાથે સોમવારે કોર્ટ પરિસરમાં પ્રતિકાત્મક ધરણાં યોજ્યાં હતા.

સુરત જિલ્લા વકીલ મંડળ દ્વારા છેલ્લાં લગભગ 10 વર્ષથી વકીલોની નામ-સરનામા સહિતની ડિરેક્ટરી (ડાયરી) પ્રકાશિત કરવામાં આવી નથી. આ મુદ્દે અનેક વખત રજૂઆતો થયા છતાં કોઈ ચોક્કસ નિર્ણય લેવામાં આવ્યો ન હોવાનું જણાવવામાં આવે છે.આ અંગે બાર એસોસિએશનના સેક્રેટરી મુકુંદ રામાણીએ જણાવ્યું હતું કે ડાયરી છપાવવા માટેનો ખર્ચ ઘણો વધતો હોવાથી તેમજ બારના ડિજિટલ પ્લેટફોર્મ પર તમામ વકીલોની વિગતો ઉપલબ્ધ હોવાથી ડાયરીનું મુદ્રણ હાલ માટે મુલતવી રાખવામાં આવ્યું હતું. ડિરેક્ટરીના પ્રકાશન અંગે ધરણાં પર બેઠેલાં વકીલને જ સ્પોન્સર લાવીને ડિરેક્ટરી બનાવવા માટેની પ્રપોઝલ પણ આપવામાં આવી હતી. પરંતુ તેઓનો આગ્રહ બાર દ્વારા જ કામગીરી કરાઈ તેવો હતો. આવનારા સમયમાં આ મુદ્દે સુરત જિલ્લા વકીલ મંડળની સામાન્ય સભામાં ચર્ચા થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. હવે આ ડિરેકટરીના મામલે શું થાય છે તે જોવું રહ્યું.

ડિંડોલીમાં કાળજું કંપાવતી ઘટના, સ્યુસાઈડ નોટમાં યુવકે વર્ણવી વ્યથા

'મા મને માફ કરી દેજે, આ લોકોએ મારી ફૂલ જેવી દીકરીને છીનવી લીધી'

પત્ની અને સાસરિયાના માનસિક ત્રાસથી ભાંગી પડેલા યુવકે જીવન ટુંકાવ્યું, પત્ની, સાસુ-સસરા સામે ગુનો

સુરતઃ ડિંડોલી વિસ્તારમાં પોતાના સંસાર અને માસૂમ દીકરીને બચાવવા માટે અથાક પ્રયાસો કરતાં એક યુવાને પોતાની પત્ની અને સાસરિયાના ત્રાસથી કંટાળીને મોતને ગળે લગાવી લીધું છે.

ડિંડોલીમાં શ્રી હરિ રેસિડેન્સીમાં રહેતો અને મહિધરપુરાની કાપડની કંપનીમાં નોકરી કરતો ૨૬ વર્ષીય બલીરામ કોળીના લગ્ન વર્ષ ૨૦૨૩માં કવિતા સાથે થયા હતા. દંપતીને સંતાનમાં બે વર્ષની માસૂમ દીકરી રૂચિતા છે. લગ્ન જીવનના થોડા જ સમય બાદ પત્ની કવિતા બલીરામ સાથે અવારનવાર ઝઘડા કરી દીકરી રૂચિતાને લઈને પિયર ચાલી જતી હતી. બલીરામ વારંવાર સાસરીમાં જઈને હાથ જોડીને આજીજી કરતો હતો કે તે પોતાની પત્ની અને દીકરીને પરત ઘરે લઈ જાય. પરંતુ, ત્યારે તેના સસરા શિવરામભાઈ અને સાસુ નિર્મલાબેન તેની પર હસતા અને ધમકાવતા કે, મારી દીકરીના ચારિત્ય પર તું ખોટો શક કરે છે, જો તારે રહેવું હોય તો તેને છૂટાછેડા આપી દે.

સાસરિયાના આ અસહ્ય મેણાં-ટોણાં અને પત્નીના ત્રાસથી બલીરામ અંદરથી તૂટી ગયો હતો. ગત તા. ૧૭/૦૬/૨૦૨૬ ના રોજ બલીરામે પોતાના ઘરે ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી દીધું હતું. પોલીસે ઘરની તપાસ કરતાં મરાઠીમાં લખાયેલી બે સ્યુસાઈડ નોટ મળી આવી હતી, જેણે સૌ કોઈનું કાળજું કંપાવી દીધું.

'લખવા માટે બહુ બધું છે પણ મારે લખવું નથી'

બલીરામે સ્યુસાઈડ નોટમાં લખેલા કાળજું ચીરી નાખે તેવા શબ્દો આ મુજબ હતા: 'લખવા માટે બહુ બધું છે પણ મારે લખવું નથી. મને નબળો સમજશો નહીં. મારે આ કરવાનું કારણ મારા સાસરીવાળા અને મારી પત્ની છે. આ લોકોએ મારી છોકરીને મારી પાસેથી દૂર કરી દીધી.' બીજી નોટમાં મા પ્રત્યેનો અસીમ પ્રેમ દર્શાવતા લખ્યું હતું કે, 'હું દારૂ પીધા પછી જ આવું કરી શકું છું. માં મને માફ કરી દેજે... MISS YOU ALL.' માસૂમ દીકરીનો વિયોગ અને પરિવારના ત્રાસથી આપઘાત કરનાર બલીરામની માતા ગીતાબેનની ફરિયાદના આધારે પોલીસે પત્ની કવિતા, સાસુ નિર્મલાબેન અને સસરા શિવરામભાઈ સામે કડક કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

૩. ૫.૯૦ લાખના કેમેરા-લેન્સની ઠગાઈમાં દિલ્હીથી ઠગ ઝડપાયો

સુરતઃ વર્ષ ૨૦૨૪થી ઠગાઈના ગુનામાં સીઆરપીસી કલમ-૭૦ના વોરંટ હેઠળ નાસતા-ફરતા આરોપી ફેરીન હર્ષદરાય પટેલને મહિધરપુરા પોલીસે દિલ્હીના જી.ટી.બી. નગર ખાતેથી દબોચી લીધો છે. મૂળ મુંબઈ મીરા રોડના અને હાલ દિલ્હીમાં રહેતા આરોપી ફેરીન હર્ષદરાય પટેલ (ઉં.વ.૩૩)એ તા. ૧૩/૦૧/૨૦૨૪ ના રોજ મહિધરપુરા સ્થિત હોટેલ જીન્જરના રૂમ નંબર ૨૨૩માં ફરિયાદી અને તેના મિત્રને વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ સોની અને નિકોન કંપનીના મોંઘા કેમેરા, અલગ-અલગ લેન્સ, ફ્લેશ લાઈટ અને હાર્ડ ડ્રાઈવ મળી કુલ રૂ.૫,૯૦,૩૦૦ની મત્તાના સાધનો સગેવગે કરી ઠગાઈ આચરી ભાગી છૂટ્યો હતો. આરોપીનો ગુનાહિત ઈતિહાસ તપાસતા સામે આવ્યું છે કે તેના વિરુદ્ધ અગાઉ અમદાવાદના મણિનગર, દિલ્હીના કીર્તિનગર, સુરતના ઉમરા તેમજ મુંબઈમાં ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે.

સંક્ષિપ્ત સમાચાર

BOIએ SRK એક્સપોર્ટ્સના કર્મીના પરિવારને 71 લાખનો અકસ્માત વીમાનો ચેક આપ્યો

સુરતઃ બેંક ઓફ ઇન્ડિયાએ પોતાની સેલરી એકાઉન્ટ યોજના હેઠળ આપવામાં આવતી નિઃશુલ્ક ગ્રુપ પર્સનલ એક્સિડેન્ટલ ઇન્શ્યોરન્સ યોજનાના અંતર્ગત એસઆરકે એક્સપોર્ટ્સ પ્રા. લિ.ના એક સ્વર્ગસ્થ કર્મચારીના પરિવારને રૂ. 71 લાખનો વીમા ક્લેમ અર્પણ કરીને મુશ્કેલ સમયમાં મહત્વપૂર્ણ આર્થિક સહાય પૂરી પાડી છે. ચેક એસઆરકે એક્સપોર્ટ્સ પ્રા. લિ.ના ચેરમેન ગોવિંદભાઈ ધોળકિયાના હસ્તે સ્વર્ગસ્થ કર્મચારીના પરિવારને અર્પણ કરવામાં આવ્યો. આ પ્રસંગે બેંક ઓફ ઇન્ડિયાના એફજીએમઓ અમદાવાદના જનરલ મેનેજર અજય ત્રિપાઠી તથા સુરત ઝોનના ઝોનલ મેનેજર રાજેશ કુમાર ઉપસ્થિત રહ્યા હતા.

ઉત્તર ભારતીયોના શ્રાવણના પ્રથમ સોમવારે ઉધના, ભીડભંજન મહાદેવમાં ભીડ

સુરતઃ ઉધનાગામ સ્થિત પ્રાચીન શ્રી ભીડભંજન મહાદેવ ત્યા સૈયરકાકા મંદિરમાં ઉત્તર ભારતીય સમાજના શ્રાવણ માસનો શુભારંભ થવાને કારણે પ્રથમ સોમવાર હોવાથી આજે સવારથી જ શ્રધ્ધાળું ભક્તોની મોટી ભીડ ઊમટી પડી હતી. મંદિરના મહંત જયેશભાઈ એચ. ભટ્ટનાએ ઉપસ્થિત સર્વે હરિભક્તોને શિવપૂજા તેમજ રૂદ્રભિષેક કરાવી આશીર્વચન પાઠવ્યા હતા. આ પ્રસંગે પૂજામાં કોંગ્રેસના પ્રમુખ વિપુલ ઉધનાવાલા, ઉપપ્રમુખ હરીશ સૂર્યવંશીએ ભાગ લીધો હતો.

સુરતમાં બેંક ઓફ બરોડાની "બરોડા એકેડેમી" અને "સેવા શાખા"નો પ્રારંભ

સુરતઃ બેંક ઓફ બરોડાના કાર્યકારી નિર્દેશક લાલ સિંહ અને સુરત ઝોનલ પ્રમુખ અને મહાપ્રબંધક કૃષ્ણ કુમાર સિંહની ગૌરવપૂર્ણ હાજરીમાં બેંકની સ્ટાફ તાલીમ કેન્દ્ર "બરોડા એકેડેમી"અને આધુનિક ચેક ક્લિયરિંગ (સીટીસી) માટે "સેવા શાખા"નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. લાલ સિંહજીએ તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, એઆઇ અને ડિજિટલ યુગમાં, બેંકના ગ્રાહકો નવીન, અદ્યતન અને વિશ્વસ્તરીય પહેલો દ્વારા અજોડ અને વિશ્વસ્તરીય બેંકિંગનો અનુભવ કરી રહ્યા છે. કૃષ્ણ કુમાર સિંહે જણાવ્યું હતું કે, આ નવું તાલીમ કેન્દ્ર આપણા માનવ સંસાધનોને આધુનિક નાણાકીય પરિસ્થિતિને અનુરૂપ બનાવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે નિર્મલ પટેલ, ઉપ મહાપ્રબંધક-સુરત ઝોન, ભરતકુમાર ચાવડા, ઉપ મહાપ્રબંધક-સુરત ઝોન અને અન્ય સ્ટાફ સભ્યોનો સહયોગ નોંધપાત્ર રહ્યો.

સાંપ્રત સમયમાં પ્રેમ, લાગણી, સ્નેહ ઘટી રહ્યા છે: પદ્મદર્શનસૂરિજી

ભીવંડીઃ શ્રી ગોકુળનગર નજરાણા જૈન સંઘ ભીવંડીના આરાધના ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજની પાવન નિશ્રામાં ધર્મસભાનું આયોજન થયું હતું. આ પાવન ક્ષણે આચાર્યપ્રવરે જણાવ્યું હતું કે, સામ્પ્રત સમયમાં સંસ્કૃતિ માતાનું જાહેરમાં વસ્ત્રાહરણ થઇ રહ્યું છે. વિકૃતિનાં વાવાઝોડા ઘર-ઘરમાં ત્રાટક્યા છે. કોઇને કાંઇ કહી શકાય તેવું નથી. દિવસે દિવસે પરિસ્થિતિ એવી આવીને ઊભી થાય છે કે કાલે શું થશે તે કાંઇ સમજાતું નથી. પ્રજાનું સત્ત્વ ઘટતું જાય છે. પરિસ્થિતિ જ એવો વળાંક લઇ રહી છે કે જેનાં કારણે ભલભલાનાં મન ડગી રહ્યા છે. જેમ જેમ ટેક્નોલોજી ડેવલપ થતી જાય છે તેમ વિશ્વ સાંકડું થતું જાય છે. પ્રેમ, લાગણી, સ્નેહ અને સદભાવનનું બાષ્પીભવન થઇ રહ્યું છે. માત્ર સ્વાર્થ, અહંકાર, ઇર્ષ્યા અને આકર્ષણનું જોર વધી રહ્યું છે.

અંગદાન મહાદાનના સંદેશ સાથે સુરત સિવિલમાં સ્ટાફને છત્રીનું વિતરણ

સુરતઃ વિશ્વ અંગદાન દિવસ નિમિત્તે સુરત નવી સિવિલ હોસ્પિટલ ખાતે 'અંગદાન મહાદાન' અભિયાન અંતર્ગત અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ધારાસભ્ય સંગીતાબેન પાટીલના હસ્તે સફાઈ કર્મીઓ, નર્સિંગ અને સુરક્ષા સ્ટાફને 'અંગદાન મહાદાન' અંકિત છત્રીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે અંગદાન ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનાર તબીબી સ્ટાફનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ નર્સિંગ વિદ્યાર્થીઓએ અંગદાન અંગે જાગૃતિ ફેલાવતાં પોસ્ટરોનું પ્રદર્શન યોજ્યું હતું. કીડની બિલ્ડિંગ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાય